બાળ સુરક્ષા
ગુજરાત સરકાર

# જિલ્લા બાળ સુરક્ષા એકમ - અમરેલી

સેવાસદન-૨, 'એ' બ્લોક, બીજો માળ, રૂમ નં.૨૦૧,૨૦૨,૨૦૫, અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. :- ( ૦૨૭૯૨ ) ૨૨૦૩૦૮,E-Mail : dcpu-gscps-amr@gujarat.gov.in

જિ.બા.સુ.એ / અ / જા.નં./૧૩૧૯ થી ૧૩૨૦ / ૨૦૨૨-૨૩

તા. ૧૬ / ૧૨ / ૨૦૨૨

પ્રતિ,

✓(૧) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી.

(૨) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,અમરેલી.

વિષય:- પાલક માતા-પિતા યોજના બાબત.

માન.સાહેબશ્રી,

સવિનય સાથ જણાવવાનું કે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં પાલક માતા-પિતા યોજના અમલમાં છે. અને આ યોજના ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર હેઠળની સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અને બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી હેઠળ અમલ જિલ્લા કક્ષાએ થઇ રહ્યો છે. આ યોજનાની પાત્રતામા જે બાળકોના માતા અને પિતા બંને અવસાન પામેલ છે તેવા અનાથ બાળકો અથવા જે બાળકોના પિતા અવસાન પામેલ છે અને માતાએ પુન:લગ્ન કરેલ છે અને તેવા બાળકોને તેના નજીકનાં સંબંધી જેવા કે દાદા-દાદી, નાના-નાની, કાકા-કાકી, કે અન્ય નજીકની કૌટુંબિક વ્યક્તિ સાચવે છે અને તે બાળકોની કાળજી લે છે તેવા પાલક માતા -પિતાને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે. આ યોજનામા બાળકનુ શિક્ષણ મેળવવુ ફરજીયાત છે. અને બાળકને ૧૮ વર્ષ સુધી લાભ મળવા પાત્ર છે.આ યોજના અન્વયે માસિક રૂ.૩૦૦૦/-ની સહાય મળે છે.

સદર બાબતને ધ્યાને લેતા જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનાં માધ્યમથી ગ્રામ્ય કક્ષાએ આ યોજનાનો વધુને વધુ પ્રચાર-પ્રસાર થાય અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓ યોજનાકીય લાભથી વંચિત ના રહે તેવા ઉમદા હેતુથી આપ સાહેબશ્રીના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓ,માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને આપના સ્તરેથી જરૂરી સુચના આપી જો શાળામાં ઉપરોક્ત યોજના હેઠળની પાત્રતા ધરાવતું બાળક શાળામાં અભ્યાસ કરતું હોય તો જ આ સાથે સામેલ પત્રક મુજબની માહીતી જો અત્રેની કચેરી ખાતે ઉપરોક્ત સરનામે ટપાલનાં માધ્યમથી મળી રહે તો પાત્રતા ધરાવતા બાળકોને યોજનાનો લાભ આપી શકાય. સહકારની અપેક્ષા સાથે....

આભાર સહ............

આપનો વિશ્વાસુ

( આર.બી.ખેર )

બિડાણ: માહિતીપત્રક

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમરેલી

પરિપત્ર:- 255

ક્રમાંક:યોજના/પાલક માતા-પિતા/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૧૭/૧૨/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારુ. તથા માહિતી દીન- ૦૭ માં મોકલી આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી વતી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ તમામ
જિ-અમરેલી

# પાલક માતા-પિતા યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેવા જ લાભાર્થી બાળકોની માહિતીનું પત્રક

| ક્રમ | બાળકનું નામ | બાળકની ઉંમર | હાલનું ધોરણ | બાળકને સાચવનારે પાલક વાલીનું પૂરૂ નામ | મોબાઇલ નંબર | સરનામું | તાલુકો | બાળકનાં માતા અને પિતા બંન્ને અવસાન પામેલ છે? હા / ના | બાળકનાં પિતા અવસાન પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ છે? હા / ના | બાળક જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળાનું નામ / આચાર્યશ્રી અથવા શિક્ષકશ્રીનું નામ અને મોબાઇલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | |

આચાર્યશ્રીના સહી / સિક્કા